સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગરમીનો પારો ઉચકાયો

ઈડરમાં સૌથી વધુ ગરમી : ૪૧.૨ ડિગ્રી તાપમાન : છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ૨ ડિગ્રી ઉછળ્યો

ભિલોડા, તા.૧૬

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ઈડર, ભિલોડા, શામળાજી, વિજયનગરમાં ગરમીનો પારો ઉચકાયો છે. સાબરકાંઠા જીલ્લાના ઈડરમાં સૌથી વધુ ગરમીનો પારો ૪૧.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે.છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ૨ ડિગ્રી ઉછળ્યો છે. ઉનાળાની ઋતુ દરમ્યાન ગરમીનો અહેસાસ થાય ત્યારે ઈડર યાદ ન આવે તેવું ભાગ્યે જ બને છે. છેલ્લા સપ્તાહથી પ્રજાજનોને રીતસરની ગરમી અકળાવી રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં તો પ્રતિ-દિન ૧ ડિગ્રી ગરમીનું તાપમાન વધતું રહ્યું છે. પ્રજાજનો રીતસર પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે. ઉનાળા શુભારંભ દરમ્યાન પ્રજાજનો તોબા-તોબા પોકારી ઉઠ્યા છે. રવીવારે તાપમાન ૩૯.૨ ડિગ્રી, સોમવારે ૪૦.૨ ડિગ્રી હતું. જે આજે મંગળવારે ફરીથી ૧ ડિગ્રી વધતાં ૪૧.૨ ડિગ્રી ઈડરનું ગરમીનું તાપમાન નોંધાયું હતું. ઉત્તર ગુજરાત સહિત ઈડરમાં ગરમીનું તાપમાન દિન-પ્રતિ-દિન વધતાં પ્રજાજનો પરસેવાથી રેબઝેબ બની રહ્યા છે. એક તરફ ચુંટણીનો માહોલ બરાબર જામ્યો છે ત્યારે અસહ્ય કાળઝાળ ગરમીના કારણે રાજકીય નેતાઓ, ટેકેદારો, પ્રજાજનો ચુંટણી પ્રચાર સભાઓ દરમ્યાન ગરમીમાં સેકાવવાનો વારો આવતો હોય છે. ચુંટણીનો ગરમા-ગરમીનો માહોલ તા.૩૦/૪/૨૦૧૪ ને બુધવારના રોજ પુર્ણાહુતી થશે પરંતુ ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમી તો બે થી ત્રણ મહિના સુધી પ્રજાજનોને સહન કરવી પડશે.અસહ્ય ગરમીના કારણે પ્રજાજનો પરસેવાથી નાઈ રહ્યા હોય તેવો માહોલ સર્જાયો છે. આગામી મે મહીનામાં તો ગરમીનો પારો ૪૪ થી ૪૫ ડિગ્રી સુધી પહોંચી જાય તેવી સંભાવના સેવાઈ રહી છે.

ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જીલ્લામાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો વધતાં ઝાડા-ઉલટીના કેસો પણ પ્રકાશમાં આવી રહ્યા છે. દવાખાનાઓમાં દર્દીઓના કીડીયારાં ઉભરાઈ રહ્યા છે. ગરમીના માહોલમાં નાના બાળકો સૌથી વધુ બિમાર પડતાં હોય છે. હવામાન વિભાગના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ રાહતભર્યા સુખદ્ સમાચાર છે કે આગામી પાંચ દિવસ દરમ્યાન ગરમીનું તાપમાન ૪૦ ડિગ્રી આસ-પાસ જ રહેશે તેમ જાણવા મળેલ છે. પ્રજાજનોની આકરી કસોટી કરવાનું શ્રી સુર્યનારાયણ ભગવાને જાણે કે નક્કી કર્યું હોય તેમ છેલ્લા ત્રણ દિવસથી ગરમીના પ્રમાણમાં દિન-પ્રતિ-દિન વધારો નોંધાતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. રાત્રે પણ લઘુત્તમ તાપમાનમાં પણ બે ડિગ્રીનો વધારો થતાં હવે તો રાત્રી દરમ્યાન પણ ગરમીનો અનુભવ પ્રજાજનોને થઈ રહ્યો છે. ૨૧મી સદીના હાઈટેક યુગમાં વૃક્ષોનું પ્રમાણ ઘટતાં ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો છેલ્લા કેટલાક વર્ષોથી વર્તાઈ રહી છે ત્યારે થઈ રહેલ ચર્ચાઓ અને વાતોનો સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના પ્રજાજનો અનુભવ કરી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજમાં કોંગ્રેસની સભા યોજાઈ

પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં તાજપુર કૂઈ, સીતવાડા, બોરીયા, કરોલ, દલાની મુવાડી રાસલોડમાં કોંગ્રેસ દ્વારા લોકસભાની ચૂંટણીને લઈ વિવિધ સંભારભો અને બેઠકો યોજવામાં આવી રહી છે. સાબરકાંઠા જિલ્લાના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાને પ્રાંતિજ તાલુકાના વિવિધ ગામોમાં જોરદાર પ્રતિસાદ સાંપડી રહ્યો છે. ચૂંટણી પ્રચાર દરમિયાન શંકરસિંહ વાઘેલાએ ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા. ભાજપ સરકાર ઉદ્યોગપતિઓની છે ગરીબોની નથી તેમ જણાવ્યું હતું. જયારે માજી મંત્રી ગોવિંદ પટેલે ભાજપ રોજ તાયફા કરે છે અને કરોડોનુ આંધણ મુકે છે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કોંગ્રેસના મહેન્દ્રસિંહ બારૈયા, ડાહ્યાભાઈ પટેલ, કાળુસિંહ ચૌહાણ, રંગુસિંહ વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા.

ડીસામાં રાજપુર સહીતની જમીનમાં કનિષ્ક ધારો આડેધડ નહી લગાવાય : વહેપારીઓમાં ખુશી

ડીસા, તા.૧૬

ડીસામાં રાજપુર સહીતની જમીનોમાં કનિષ્ક ધારો લાગુ કરવાની તંત્રની હિલચાલનો છેલ્લો ત્રણ માસથી ચાલતી હિલચાલ સામે સ્થાનિક વહેપારી, જમીન દલાલો અને મકાન ખરીદતા લોકોએ ન્યાયની લડત ચલાવી હતી.

આ કામના પીડિતોએ જિલ્લા કલેકટર અને લાગતા વળગતા તંત્રને પણ રજૂઆત કરી હતી. જો કે તેનું ફળદાયી પરિણામ આવ્યું હતું અને સ્પષ્ટીકરણમાં ડીસામાં રાજપુર સહીતની જમીનોમાં કનિષ્ક ધારો હાલ પુરતો લાગુ કરાશે નહિ. આ નીતિવિષયક નિર્ણયને વહેપારી વર્ગે આવકાર્યો છે. આ અંગેની વિગતો જોઈએ તો ડીસામાં રાજપુર સહીતની જમીનોમાં સરકારે કનિષ્ક ધારો લગાવવાનો કરેલો ફેંસલો ભારે વિવાદિત બન્યો હતો. કનિષ્ક ધારો એટલે જે જમીન ધાર્મિક જગ્યા તેમજ મંદિરો દ્વારા ખેડૂતોને વાવેતર કે ઈનામી રૂપે મળી હોય અને તેને વેચાણ અર્થે મુકવામાં આવે ત્યારે કનિષ્ક ધારો લાગુ પડે. જયારે ડીસામાં આ પ્રકારની જમીન હાલમાં જિલ્લા કલેકટર દ્વારા નવી શરતની ગણવાની પ્રપોજલ મુકવામાં આવી છે. ડીસા શહેરના પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ વિસ્તારના સૌથી વધુ વિકસીત અને વિકાસશીલ વિસ્તાર ગણાતાં રાજપુર વિસ્તારનો સમાવેશ ડીસા નગરપાલિકા વિસ્તારમાં કરાતા તેમજ મોટાભાગની જમીન રાજપુર મઠની ધાર્મિક હેતુવાળી હોઈ રાજય સરકાર જે તે વખતે કનિષ્ક ધારો લાગુ કરી દેવાતાં કનિષ્ક ધારકને મળેલી જમીન નવી શરતની ગણી નવી જંત્રી મુજબ પ્રીમીયમ ભરવાનું થતા પાલિકા દ્વારા બિન ખેતી હેતુ માટે અને બાંધકામ હેતુ માટે આપેલી ૧૫૦ જેટલી ફાઈલો પરત કરી દેતા વહેપારી વર્ગ અને લોકો મુસીબતમાં મુકાયા હતા અને આ જમીન ધારકો નવી શરત મુજબ પ્રિમીયમ ભરશે તો જ આગળની મંજુરી મળી શકે તેવી પરિસ્થિતિથી સર્જાતા અને કનિષ્ક ધારકને મળેલ જમીન નવી શરતની ગણાય અને તેવી જમીનો પ્રિમીયમને પાત્ર બને છે તેવું તંત્રે પણ ઠરાવતા લોક આ અન્યાયી નિર્ણય સામે જંગે ચઢયા હતા. અને તે બાદ છેલ્લા ત્રણ માસથી આ મુદ્દે લડત શરુ થઈ હતી અને ધરણા, હડતાલ, મૌન રેલી, સદબુદ્ધિ યજ્ઞ સહીતના વિવિધ કાર્યક્રમો યોજી સરકારને ભીંસમાં લાવી ન્યાય મેળવવા લડત ચલાવી હતી. જો કે આ બાબતે સ્થાનિક આગેવાન મગનલાલ માળી, અને કલ્યાણભાઈ રબારી સહીતનાં આગેવાનોએ જિલ્લા કલેકટર મહેન્દ્ર પટેલ તેમજ સરકારમાં કનિષ્ક ધારા અંગેના ખોટા થયેલા અર્થઘટનની પુનઃ સમીક્ષા કરવા રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં અગાઉના દાંતા કુંભારીયા ગામના એક માત્ર કેશ નાં હુકમને તમામ જગ્યાએ લાગુ પાડી શકાય નહિ તેવું સ્પષ્ટીકરણ કર્યું હતું જે બાદ મોડી રાત્રે એવું સ્પષ્ટીકરણ આવેલ કે ડીસા રાજપુર જમીન કેસમાં કનિષ્ક ધારો લાગુ પડાશે નહીં, જે બાદ આ લડતમાં જોડાયેલા લોકોએ પોતાની ન્યાયની લડાઈની થયેલ જીત અને આ ન્યાયિક નિર્ણયને વધાવી ખુશી મનાવી હતી.

આજે હરિભાઈ ચૌધરી ચાર વિસ્તારમાં ચૂંટણી પ્રવાસે

પાલનપુર, તા. ૧૬

બનાસકાંઠા સંસદીય મતવિસ્તારના ભાજપના ઉમેદવાર હરિભાઈ ચૌધરી આજે નવાનેસડા, પેપળુ, મોટાકાપરા, કુડા, ધ્રોબા અને કમોડામાં ચૂંટણી સભાને સંબોધશે. જેમાં વિસ્તારના તમામ આગેવાનો કાર્યકરો અને ભારતીય જનતા પાર્ટીના સૌ સમર્થકો ઉપસ્થિત રહેશે તેમ મીડીયા કન્વીનરે જણાવ્યું હતું.

આજે શંકરસિંહ વાઘેલા ખેડબ્રહ્મામાં ચૂંટણી સભાઓ ગજવશે

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા લોકસભા કોંગ્રેસ પક્ષના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા આજે તા. ૧૭મી એપ્રિલના રોજ ખેડબ્રહ્મામાં વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણી સભાઓ ગજવશે.

આ ચૂંટણી પ્રચાર કાર્યક્રમમાં ગઢુ, કોલાંડ, દેલવાડા, લીંબડીયા, અંબાઈ, આજીયા, પઢારા, પરોયા, ખેડબ્રહ્મા તેમજ લક્ષ્મીપુરા વિસ્તારમાં ફરી પ્રચાર કરશે. જેમાં તેમની સાથે કોંગ્રેસના ડાહ્યાભાઈ પટેલ, અશ્વિનભાઈ કોટવાલ, જિલ્લા તાલુકાના હોદ્દેદારો, પંચાયતના સભ્યો અને તમામ પાંખના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

જામેઅ હિદાયત સ્કુલ હિંમતનગરમાં રહમાની-૩૦ પરીક્ષા સંપન્ન

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરની જામેઅ હિદાયત સ્કૂલ-હિંમતનગર કેન્દ્ર ખાતે તા. ૧૩-૪-૧૪ને રવિવારના રોજ ૬૦ વિદ્યાર્થીઓએ પ્રિ. પેરેટરી ટેસ્ટના ભાગરૂપે 'રહમાની ફાઉન્ડેશન-પટણા'ના ઉપક્રમે આઈઆઈટી-જેઈઈ માટે પૂર્વ પસંદગી હેતુને લઈ નિયત કાર્યક્રમ અનુસાર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પરીક્ષા વ્યવસ્થાપન કાર્ય 'જામેએ હિદાયત' સ્કૂલના આચાર્ય જાવિદ મેમન તથા હિમાની-૩૦ના સંયોજક ડૉ. ફતેહમહંમદ કેશરાનીએ સંયુકત રીતે સમગ્ર કાર્ય સુંદર રીતે કરી પરીક્ષા સંપન્ન થઈ હતી.

સિદ્ધપુરમાંથી રેશનીંગનું કેરોસીન ટ્રક ડ્રાઈવરોને વેચી મારવાનું રેકેટ પકડાયું

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત રાજ્યના પોલીસ વડા હસ્તકના સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ ઈન્સ્પેક્ટર એન.વી. પટેલને બાતમી મળી હતી કે પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં તાવડીયા ચાર રસ્તા, આઈ.ઓ.સી. કોલોનીની સામે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના કેરોસીનના લાયસન્સ ધારક ડીલર્સ મેસર્સ ડીસાવાલા પેટ્રોલીયમના માલિક ઈરફાન ગુલામનબી મન્સુરી તથા તેનો નોકર રેશનીંગના પુરવઠાનું કેરોસીન વધુ ભાવ લઈ બહારથી આવતી ટ્રકોની ઈંધણની ટાંકીઓમાં ઈંધણ તરીકે ભરી આપી કેરોસીનનું વેચાણ કરે છે. જે બાતમી આધારે પો.સ.ઈ. ડી.એમ. ઢોલ તથા સ્ટાફના માણસો સાથે વોચ રાખી મોડી રાત્રે બે ટ્રકો કેરોસીન ભરાવવા આવતાં રેઈડ કરતાં ટ્રકોની ઈંધણની ટાંકીમાં કેરોસીનનો જથ્થો ભરતાં જગ્યાના માલિક ઈરફાન ગુલામનબી મન્સુરી ઉં.વ. ૩૨ રહે. પટેલ એસ્ટેટ, સિદ્ધપુર તથા તેનો નોકર તેજબહાદુર ગયાદીન પરશુરામ ઉં.વ. ૬૦ રહે. તાવડીયા રોડ, સિદ્ધપુર તથા ટ્રકો લી કેરોસીન ભરાવવા આવેલ ડ્રાઈવરો મુન્ના મકસુદ આલમ સાંઈ રહે. યુ.પી. તથા શબ્બીર અહેમદ ચૌહાણ રહે. ગામ વાઘણા જી. પાટણને પકડી લીધેલ અને આ બનાવની જાણ મામલતદાર સિદ્ધપુરને કરતાં એસ.જે. પંડ્યા સ્થળ ઉપર આવતાં કેરોસીનનો જથ્થો તથા ટ્રકો ટેન્કરો વિગેરે સીઝ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસ ઈન્સ. એન.વી. પટેલે આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન, નાણાં મળી કુલ રૂ. ૬૪,૧૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી સિદ્ધપુર પોલીસ સ્ટેશનને સોંપેલ. આરોપીની પુછપરછ દરમ્યાન આ કેરોસીન રૂ. ૪૦ના પ્રતિ લીટરના ભાવથી વેચાણ કરવામાં આવતું હોવાનું જણાઈ આવ્યું છે.

સાત સાત વર્ષથી નાસતો ફરતો આરોપી અરવલ્લી એલ.સી.બી.એ ઝડપી લઈ જેલ હવાલે કર્યો

(તસવીર : સમીર બલોચ, બાયડ)

આગામી લોકસભા ચુંટણી અનુસંધાને રાજયમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ પોલીસ અધિક્ષક શ્રી મયુર ચાવડા સાહેબ અરવલ્લી જિલ્લા નાઓ તરફથી આપેલ સૂચના અને માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લામાં વોન્ટેડ નાસતા ફરતા આરોપીઓને પકડવાની કામગીરી કરવા જણાવેલ જે આધારે શામળાજી પોલીસ સ્ટેશનના ગોહી ગુન્હા રજીસ્ટર નંબર ૫૦૧૬/૨૦૦૭ ગોહી ક.૬૬બી, ૬૫એઈ, ૧૧૬બી, ૮૧ મુજબના કામે નાસતો ફરતો આરોપી ભવરલાલ તુલસીલાલ ઉર્ફે મોહનલાલ શર્મા રહે. નવાડેરા ડુંગરપુર તા.જી.ડુંગરપુર (રાજસ્થાન) વાળો ગુન્હાના કામે પકડવાનો બાકી આરોપી છેલ્લા ઘણા સમયથી આશરે સાતેક વર્ષથી પોલીસની નજર ચુકવી નાસતો ફરતો જાહેર થયેલ હતો. અને રાજસ્થાન પોલીસને પણ આ બાબતે જાણ કરેલ હતી. મજકુર આરોપીને તા.૧૫.૪.૧૪ ના ક.૧૯.૩૦ વાગે અરવલ્લી જિલ્લા એલ.સી.બી. ધ્વારા હકીકત મેળવી પકડી લઈ જરૂરી કાર્યવાહી કરી શામળાજી પોલીસ સ્ટેશને સોપેલ છે. આમ અરવલ્લી જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓ પૈકી સાત વર્ષથી વોન્ટેડ નાસતા ફરતા વધુ એક આરોપીને પકડીને જેલ હવાલે કરવામાં વધુ સફળતા સાંપડેલ છે.

પાટણમાં કોંગ્રેસ દ્વારા દલિત સંમેલન યોજાયું

પાટણ, તા. ૧૬

લોકસભાની ચૂંટણીને હવે એકાદ પખવાડીયા જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે પાટણ લોકસભામાં પણ કોંગ્રેસ પોતાના પ્રચારનો ધમધમાટ શરૂ કરી દીધો છે. એક તરફ ગુજરાતમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર પહોંચ્યો છે તો બીજી તરફ રાજકીય ગતીવિધિઓ પણ તેજ બની છે પ્રચારમાં ગરમી પકડાઈ છે ત્યારે આજે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિના અધ્યસ્થ અર્જુન મોઢવાડીયાની ખાસ ઉપસ્થિતિમાં પાટમ-ઊંઝા ત્રણ રસ્તા ખાતે આવેલા બાલાજી પાર્ટી પ્લોટ ખાતે એક દલિત મહાસંમેલન યોજાઈ ગયું.

જેમાં કોંગ્રેસના ગુજરાત પ્રદેશ પ્રમુક અર્જુન મોઢવાડીયા, રાજ્યસભા સાંસદ નરેન્દ્ર બુધવાણીયા, વિધાનસભા દંડક બલવંતસિંહ રાજપૂત, ધારાસભ્યો શૈલેષ પરમાર, મણીભાઈ વાઘેલા, ધારસિંહ ખાનપુરા, લોકસભાના ઉમેદવાર ભાવસિંહ રાઠોડ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્યો અને દલિત આગેવાનો સહિત મોટી સંખ્યામાં એક મોટુ દલિત મહાસંમેલન યોજાઈ ગયું. આ સંમેલનમાં ઉપસ્થિત રહેલા રાજ્યસભાના એમ.પી. નરેન્દ્ર બુધવાણીયાએ ગુજરાતની સરકાર ખેડૂતોને વેરા વધારી ખાતર સહિતની સબસીડીમાં છૂટછાટ નહીં આપવાનો અને રાજસ્થાન કરતા અહીં પેટ્રોલ-ડીઝલના ભાવ વધારે હોવાનો રાજ્ય સરકાર પર આક્ષેપ કર્યો હતો. તો ધારાસભ્ય શૈલેષ પરમારે જણાવ્યું હતું કે કોંગ્રેસે બંધારણ ઘડવાની જવાબદારી પણ દલિત યુવાન ડૉ. બાબાસાહેબ આંબેડકરને આપી હતી જેના ભાગરૂપે બાબાસાહેબ આંબેડકરે દલિતોને કોઈપણ જાતની બાધા આખડી વગર અન્નસુરક્ષાનો કાયદો આપ્યો છે. તો બહેનોનો ખાસ ખ્યાલ રાખી સગર્ભા માતાઓ માટે ઈન્દીરા ગાંધી માતૃત્વ સહાય યોજના અંતર્ગત દરેક બહેનને સગર્ભા અવસ્થા દરમ્યાન ૬૦૦૦ની આર્થિક સહાય પહોંચાડી છે. ત્યારે આવી ગરીબલક્ષી અને ખેડૂતલક્ષી સરકારને ફરીથી કેન્દ્રમાં ફરીથી સત્તા પર લાવવા ૩૦મી તારીખે પાટમ લોકસભાના ઉમેદવાર ભાવસિંહ રાઠોડને જંગી બહુમતીથી ચૂંટવા અનુરોધ કર્યો હતો. તેમણે સરકારના ભારત નિર્માણ અંતર્ગત ચાલતી સરકારની યોજનાઓની સંમેલનને સમજ આપી હતી.

પાક વિમાના નાણા પ્રશ્ને ભાજપ સરકાર નિષ્ક્રિય

અમદાવાદ, તા.૧૬

રાજ્યના ખેડૂતો માટે ચૂંટણી સમયે ભાજપનો ઉભો થયેલ ભ્રામક પ્રેમની આકરી ઝાટકણી કાઢતા ખેડૂત નેતા અને ધારાસભ્ય રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખેડૂતોને પાકવીમાના નાણાં મળે તે માટે ભાજપ સરકારે દાખવેલી નિષ્ક્રીયતા સમયે ભાજપના એકપણ સાંસદ કે ધારાસભ્યોએ ભાજપ સરકારમાં રજુઆત કરી ન હોતી. પાકવીમાના નાણાંથી વંચિત ખેડૂતોની દુર્દશાને લીધે આપઘાત કરવાની ફરજ પડી રહી છે. ગુજરાતના ખેડૂતોએ અને ખાસ કરીને સૌરાષ્ટ્રના ખેડૂતોની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી રાજકોટના સાંસદ કુંવરજી બાવળીયાએ કોંગ્રેસપક્ષના સાંસદોને સાથે રાખીને અવારનવાર કૃષિમંત્રાયલ અને પાકવીમા માટેની એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કોર્પોરેશનના સમક્ષ રજુઆત કરી હતી. જેના પરિણામો ગુજરાતની ભાજપ સરકારની અધુરી વિગતો પાણી પત્રકોનો અભાવ, છતાં એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કોર્પોરેશનમાં અસરકારક રજુઆતોને પગલે ગુજરાતના ખેડૂતોને અગાઉના વર્ષના પ્રમાણે પાકવીમાના નાણાં ચુકવાયા.

કુંડોલપાલ ગામનો ઈસમ વરઘોડામાંથી ઘરે પરત આવતા લાકડીથી ફટકાર્યો

ભિલોડા, તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કુંડોલપાલ ગામનો ઈસમ વરઘોડામાંથી ઘરે પરત આવતો હતો તે દરમ્યાન આરોપીઓએ કોઈ પણ કારણોસર લાકડીથી ફટકાર્યો હતો. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ કુંડોલપાલ ગામના દિનેશભાઈ પાંડોર વરઘોડામાંથી ઘરે પરત આવતા હતા ત્યારે બંશીભાઈ મંગળાજી ડામોરના સસરાના ઘર આગળથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન લાકડાની લાકડી વડે દિનેશભાઈ પાંડોરના માથાના ભાગે મારી,જમણા હાથની આંગળીઓ ઉપર ઈજાઓ પહોંચાડી હતી. ભિલોડા તાલુકાના કુંડોલપાલ ગામના દિનેશભાઈ પાંડોરએ આ બનાવ સંદર્ભે રાજસ્થાન રાજ્યના ખેરવાડા તાલુકાના ડબાસા ગામના બંશીભાઈ મંગળાજી ડામોર અને તેમના ત્રણ જમાઈઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેશન પાસે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર શોપિંગ સેન્ટર ખાતે નગરપાલિકા તંત્ર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૩મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર અને સૂતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ આપવામાં આવી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧